Upload MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 19-12-2024-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-12-2024 Midday : 1.20 to 1.30

Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

1) સંસદના સંકુલમાં ભાજપના સાંસદ પ્રતાપ સારંગીને ધકકો મારી પાડી નાંખવાનો રાહુલ ગાંધી ઉપર આરોપ -રાહુલ ગાંધીએ પોતાનો બચાવ કર્યો
2) વિપક્ષોના ભારે હોબાળા અને સૂત્રોચ્ચારના પગલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થિગત
3) જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોએ પાંચ આતંકવાદીઓને ઠાર કર્યા
4) સેબીએ ભાવો ઉપર અંકુશ રાખવા ઘઉં અને મગ સહિત સાત કૃષિ પેદાશો પરના ટ્રેડિંગ પર પ્રતિબંધ લંબાવ્યો
5) મધ્ય રેલવે પ્રયાગરાજમાં મહાકુંભ મેળા માટે અલગ અલગ શહેરોમાંથી 34 વિશેષ ટ્રેનો દોડાવશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PARL- SARANGI INJURED

ડોક્ટર આંબેડકરનુ અપમાન કર્યુ હોવાનો આરોપ લગાવીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરૂધ્ધ વિપક્ષો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનને કારણે હોબાળો મચ્યો છે.

આજે સવારે ભાજપના સાંસદ પ્રતાપ સારંગી સંસદ ભવન સંકુલમાં વિપક્ષી સભ્યોના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા હોબાળામાં ઘાયલ થયા છે. મીડિયા સાથે વાત કરતા શ્રી સારંગીએ આરોપ લગાવ્યો હતો કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ધક્કો મારતા તે ઘાયલ થયા હતા.. આ સમગ્ર ઘટનાની સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નિંદા કરી હતી.

(બાઇટ – કીરેન રિજીજુ)

દરમિયાન, શ્રી ગાંધીએ પોતાનો બચાવ કરતા કહ્યું છે કે, જ્યારે તેઓ સંસદની અંદર જવાનો પ્રયાસ કરી રહ્યા હતા,ત્યારે ભાજપના સાંસદો તેમને રોકી રહ્યા હતા.

(બાઇટ – રાહુલ ગાંધી)

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે મીડિયાને જણાવ્યું કે, સંસદના પ્રવેશમાં અવરોધ ઉભો કરી રહેલા શાસક પક્ષના સાંસદોએ લોકસભા અધ્યક્ષ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું ઉલ્લંઘન કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે કોઈ પણ સભ્યને પ્રવેશ અવરોધિત કરવાની મંજૂરી નથી..

# PAR-ADJOURN

ડૉ. બી.આર. આંબેડકર વિશે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની ટિપ્પણીને લઈને વિરોધ પક્ષોના હંગામાને પગલે સંસદના બંને ગૃહોને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા છે. આજે જ્યારે સંસદમાં લોકસભાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે કોંગ્રેસ, ડીએમકે અને સમાજવાદી પાર્ટી સહિતના વિરોધ પક્ષોએ ગૃહમંત્રીનો વિરોધ કર્યો હતો.

રાજ્યસભામાં પણ આ પ્રમાણેની જ પરિસ્થિતિ જોવા મળી હતી. આજે સવારે રાજ્યસભાની કામગીરી શરૂ થતાં ગૃહમંત્રીની ટિપ્પણી અંગે સાંસદોના વિરોધ સામે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહની કામગીરી સ્થગિત કરવાના

પ્રસ્તાવને નામંજૂરી આપી હતી. પરંતુ આમ આદમી પાર્ટી, આરજેડી અને કોંગ્રેસે સહિતના નેતાઓએ ગૃહમંત્રી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. જેથી રાજ્યસભાની કામગીરી પણ આજે બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ છે. અગાઉ વિપક્ષોએ સંસદ પરિસરમાં પણ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમજ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

## AMIT SHAH-J&K MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ પર વિશેષ ભાર મૂકવાની સાથે પ્રાથમિક રીતે જટિલ સુરક્ષા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા પણ આ બેઠકમાં હાજરી આપશે, જેનો ઉદ્દેશ્ય જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેની વ્યૂહરચનાઓની સમીક્ષા કરવાનો છે.આ બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે.

## REV.J&K - ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરમાં, દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં ચાલી રહેલા અથડામણમાં પાંચ આતંકવાદીઓ ઠાર થયા છે. આતંકવાદ વિરોધી ઓપરેશન દરમિયાન આજે સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. સેનાના પ્રવક્તાએ પુષ્ટિ કરતા કહ્યું હતું કે એન્કાઉન્ટર દરમિયાન બેસૈનિકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

અગાઉ, આતંકવાદીઓની હાજરી વિશે ચોક્કસ ઈનપુટના આધારે ગઈકાલે રાત્રે આ વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ હાથ ધરાયું હતું. સુરક્ષા સૂત્રોએ જણાવ્યું હતું કે સંયુક્ત દળોકાદર ગામમાં શંકાસ્પદ સ્થળની નજીક પહોંચ્યા ત્યારે

છુપાયેલા આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો સેનાના પ્રવક્તાએ કહ્યું કે ઓપરેશન ચાલી રહ્યું છે. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે..

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## INDIA---CHINA.RTF

ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચેની 23મી બેઠકમાં ભારતે ચીન સાથેના સરહદ વિવાદના ન્યાયી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પર ભાર મૂક્યો છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ગઈકાલે બેઈજિંગમાં બેઠક મળી હતી.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને દેશોએ સામાન્ય સંબંધો પુનઃસ્થાપિત કરવા માટે સરહદ પરની સ્થિતિને શાંતિપૂર્ણ બનાવવા પર ભાર મૂક્યો હતો. શ્રી ડોભાલે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા, નદીના ડેટાની વહેંચણી અને સરહદી વેપારના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

દરમ્યાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ભારત અને ચીન વચ્ચેના સંબંધો સુધારવા અને સરહદી મુદ્દાઓ પર સકારાત્મક પગલાં લેવા માટેના તાજેતરના કરારનું સ્વાગત કર્યું છે.

## SEBI-AGRICULTURAL-COMMODITIES.RTF

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા-સેબીએ કિંમતો ઉપર અંકુશ રાખવા માટે ઘઉં અને મગ સહિત સાત કૃષિ પેદાશોમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પરનો પ્રતિબંધ જાન્યુઆરી 2025 સુધી લંબાવ્યો છે. આ પ્રતિબંધ બિન-બાસમતી ડાંગર, ચણા, પામ તેલ, સરસવના બીજ અને સોયાબીનના ડેરિવેટિવ્ઝ પર પણ લાગુ થશે. તેનો હેતુ શેરબજારમાં વધુ પડતી અટકળો અને અસ્થિરતાને રોકવાનો છે, કારણ કે આ ખાદ્યપદાર્થોના ભાવ અને ફુગાવા પર નોંધપાત્ર અસર કરે છે.

## SPECIAL-TRAINS---KUMBH-MELA.RTF

મધ્ય રેલવેએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળા માટે 34 વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે. આ વિશેષ ટ્રેનો મુંબઈ, પુણે, નાગપુર અને અન્ય શહેરોમાંથી દોડાવાશે.

આ ટ્રેનોનું બુકિંગ 20 ડિસેમ્બરથી શરૂ થશે. રિઝર્વેશન વગર પણ આ ટ્રેનોમાં મુસાફરી કરી શકાશે. ઉલ્લેખનીય છે કે મહાકુંભ મેળો 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે.

## BANGLADESH-LUTFOZZAMAN

બાંગ્લાદેશની  હાઈકોર્ટે ચટ્ટોગ્રામમાં 10 ટ્રક ભરીને હથિયારોના કેસમાં ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી લુત્ફોઝમાન બાબર અને અન્ય પાંચને નિર્દોષ જાહેર કર્યા છે. અગાઉ કોર્ટે આ તમામને મૃત્યુદંડની સજા ફટકારી  હતી. યુનાઈટેડ ન્યૂઝ ઓફ બાંગ્લાદેશ (યુએનબી) અહેવાલ પ્રમાણે  કોર્ટે આ કેસમાં છ દોષિતોની ફાંસીની સજાને ઘટાડીને 10 વર્ષની કેદમાં ફેરવી દીધી હતી.

ભારતીય અલગતાવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ (ઉલ્ફા)ના નેતા  પરેશ બરુઆ, અન્ય એક મૃત્યુદંડના દોષિતની સજા ઘટાડીને આજીવન કારાવાસ કરવામાં આવી હતી. બાંગ્લાદેશના ઈતિહાસમાં 10 ટ્રક હથિયારોની હેરાફેરીનો સૌથી મોટો આર્મ્સ સ્મગલિંગનો મામલો માનવામાં આવે છે.

તપાસકર્તાઓનું માનવું હતું કે ડિલિવરી ઉલ્ફાને કરવાની હતી. આ મામલો એપ્રિલ પહેલી એપ્રિલ , 2004નો છે, જ્યારે ચિટાગોંગ યુરિયા ફર્ટિલાઇઝર લિમિટેડ (CUFL) જેટી પર 10 ટ્રક લોડ હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા.

## INDIA-WEST-INDIES-T20I.RTF

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મહિલા T20 ક્રિકેટ શ્રેણીની ત્રીજી અને છેલ્લી મેચ આજે નવી મુંબઈમાં DY પાટિલ સ્પોર્ટ્સ એકેડમી ખાતે રમાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. સીરીઝમાં બંને ટીમો 1-1 થી બરાબર છે.

## 3RD WORLD TENNIS LEAGUE CHAMPIONSHIP

ત્રીજી વિશ્વ ટેનિસ લીગ સ્પર્ધા આજથી અબુ ધાબીમાં શરૂ થશે. આ સ્પર્ધા 22 ડિસેમ્બર સુધી ચાલશે. તેમાં ચાર ટીમો ભાગ લઈ રહી છે. વિશ્વ ટેનિસ લીગ સીઝન 3 આજથી અબુ ધાબીમાં શરૂ થશે. અબુ ધાબીના એતિહાદ એરેનામાં આજથી 22 ડિસેમ્બર દરમિયાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રીજી વિશ્વ ટેનિસ લીગ સ્પર્ધા ફાઈનલ 22 ડિસેમ્બરે યોજાશે.

## WEIGHTLIFTING CHAMPIONSHIPS

એશિયન યુવા અને જુનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2024 આજથી કતારના દોહામાં શરૂ થશે. સ્પર્ધાઓ 40 કેટેગરીમાં યોજાશે. 15 ભારતીય વેઇટલિફ્ટર જુનિયર વિભાગમાં ભાગ લેશે. જેમાંથી ભારતની માર્ટિના દેવી મૈબામ એશિયન જુનિયર ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. અને ધનુષ લોગનાથન પુરુષોની સ્પર્ધાઓમાં ભારતને ચંદ્રક અપાવવા આ સ્પર્ધામાં ભાગ લેશે.

## IMD

ભારતીય હવામાન વિભાગએ આગામી 5 થી 6 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના મુખ્ય ભાગોમાં ઠંડીનું મોજુ ફરી વળવાની આગાહી કરી છે. આગામી 2 થી 3 દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને પંજાબમાં તીવ્ર ઠંડીનું

મોજુ ફરી વળે તેવી શક્યતા વ્યક્તિ કરી છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હરિયાણા અને પશ્ચિમ રાજસ્થાનમાં આગામી 2 દિવસ દરમિયાન ઠંડીની લહેર જોવા મળી શકે છે.

દરમિયાન મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાન 3 થી 4 ડિગ્રી સેલ્સિયસ અને પૂર્વ ભારતમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ વધવાની સંભાવના છે. આ દરમિયાન, હવામાન વિભાગે દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ અને આજે રાયલસીમામાં ભારે વરસાદની આગાહી કરી છે.